# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/021 Dt. 27/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાએ ESICની ૧૯૬મી બોર્ડ મિટીંગમાં એમ્નેસ્ટી સ્કીમને મંજૂરી આપી

## આ સ્કીમને કારણે ભારતના ઉદ્યોગકારો અને કોર્ટ પર ચાલી રહેલા ઇએસઆઇ લિટીગેશનનો બોજ હળવો થશે, દક્ષિણ ગુજરાતની ઇન્ડસ્ટ્રીમાં પેન્ડીંગ આશરે ૧૦૦ જેટલા ઇએસઆઇના કેસોને એમ્નેસ્ટી સ્કીમ થકી રાહત મળશે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરત.** ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાએ તા. ૨૭ જૂન ૨૦૨૫ના રોજ શિમલા ખાતે મળેલી ઇ.એસ.આઇ.સી. (એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યુરન્સ કોર્પોરેશન)ની ૧૯૬મી બોર્ડ મિટીંગમાં એમ્નેસ્ટી સ્કીમને મંજૂરી આપી છે. આ સ્કીમને કારણે સમગ્ર ભારતના ઉદ્યોગકારો અને કોર્ટ પર જે ઇએસઆઇ લિટીગેશનનો બોજ ચાલી રહયો છે તે હળવો થશે.

ઉપરોકત મિટીંગમાં વર્ષ ૨૦૧૬માં લાગુ કરાયેલી સ્પ્રી સ્કીમને ફરીથી લાગુ કરવામાં આવી છે. આ સ્કીમ અંતર્ગત એવી સંસ્થાઓ અને કારખાનાઓ કે જ્યાં ૧૦થી વધુ કર્મચારીઓ કામ કરી રહયા છે અને તેઓ જુલાઇ ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ના સમયગાળા દરમ્યાન સંસ્થા રજિસ્ટ્રેશન કરાવે છે તો એમણે જાહેર કરેલી તારીખથી કાયદા હેઠળનું રજિસ્ટ્રેશન માની લેવામાં આવશે.

આ ઉપરાંત હાલમાં એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યુરન્સ કોર્પોરેશનમાં મોડેથી નાણાં ભરવામાં વાર્ષિક ૨૫ ટકા ઇન્ટરેસ્ટ લાગે છે તેને માસિક ધોરણે ૧ ટકા કરવામાં આવ્યો છે. સાથે સાથે ઇએસઆઇ આયુષ ૨૦૨૩ની મેડીકલ પોલિસીને પણ રિવાઇઝ કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના શ્રમ મંત્રી ડો. મનસુખ માંડવીયા સમક્ષ એમ્નેસ્ટી સ્કીમની રજૂઆત કરવામાં આવી હતી અને તેને મંજૂરી મળી છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતની ઇન્ડસ્ટ્રીમાં પેન્ડીગ આશરે ૧૦૦ જેટલા ઇએસઆઇના કેસોને એમ્નેસ્ટી સ્કીમ થકી રાહત મળશે. આ સ્કીમને કારણે લિટીગેશનનો મારો પણ ઓછો થશે, આથી તેમણે ભારત સરકારના શ્રમ મંત્રી ડો. મનસુખ માંડવીયાનો આભાર માન્યો હતો. સાથે જ તેમણે દક્ષિણ ગુજરાતની ૧૦થી વધારે કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓને સ્પ્રી સ્કીમનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચેમ્બરના લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ ઓગષ્ટ ૨૦૨૩માં અને ફરી વખત જૂન ૨૦૨૫માં ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયાને નવી દિલ્હી ખાતે રૂબરૂ મળીને ઇએસઆઇ કાયદા હેઠળ ચાલતા લિટીગેશનને સમાધાન થકી પૂર્ણ કરવા હેતુ વર્ષ ૨૦૦૮ અને વર્ષ ૨૦૧૪ અગાઉ જાહેર કરેલી એમ્નેસ્ટી સ્કીમને ફરી વખત વર્ષ ૨૦૨૫માં જાહેર કરવાની રજૂઆત કરી હતી.